# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 23-05-2024 Morning : 7.45 to 7.55
Day : Thurssday National News

## આકાશવાણી સમાચાર રિધ્ધિ ઊંધાડ વાંચે છે.

************************************************

- લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે પ્રચાર પડઘમ થશે શાંત... - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પંજાબમાં...કોંગ્રેસ અને આપના સ્ટાર પ્રચારકો દિલ્હીમાં કરશે ચૂંટણી પ્રચાર
- ભારતને નિશાન બનાવીને થઈ રહેલા સાઇબર અપરાધોમાં મોટો ઉછાળો....સીડીએસ જનરલ અનિલ ચૌહાણે દેશની સાઇબર સુરક્ષા મજબૂત કરવા પર ભાર મૂક્યો
- ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ગરમીનો પારો 46 ડિગ્રી સેલ્સિયસને પાર..... આગામી ચાર દિવસોમાં હીટવેવ યથાવત રહેવાની આગાહી.....
- વિશ્વ પેરા એથ્લેટિક્સમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન....5 સુવર્ણ સહિત 12 ચંદ્રક જીત્યા
- આજે દેશ અને દુનિયાભરમાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી....રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિએ પાઠવી શુભેચ્છાઓ

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CAMPAING TODAY

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે પ્રચાર પડઘમ સાંજે શાંત થશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ સહિતની કુલ 58 બેઠકો માટે 25 મેના રોજ મતદાન થશે. જેમાં બિહારની 8, હરિયાણાની તમામ 10, જમ્મૂ કાશ્મીરની 1, ઝારખંડની 4, દિલ્હીની તમામ 7, ઓડિશાની 6, ઉત્તર પ્રદેશની 14 અને પશ્ચિમ બંગાળની 8 લોકસભા બેઠકો માટે મતદાન થશે. આ બેઠકો પર 889 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. વિવિધ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા આજે અંતિમ પ્રયાસ કરશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પંજાબના પટિયાલામાં ચૂંટણી સભા સંબોધશે. દિલ્હીની સાત લોકસભા બેઠકો માટે પ્રચાર અભિયાન આજે સાંજે પૂર્ણ થઈ રહ્યું છે. આ પૂર્વે ભાજપ, કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ આજે પ્રચાર મેદાનમાં ઉતરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ, પિયૂષ ગોયલ અને સ્મૃતિ ઇરાની તેમજ ઉત્તરાખંડ અને રાજસ્થાનના મુખ્યમંત્રી ચૂંટણી સભા અને રોડશૉ કરશે. કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી દિલ્હીના મંગોલપુરી અને સીમાપુરમાં ચૂંટણી સભા સંબોધશે. તો આપના નેતાઓ પણ રોડ શૉ કરવાના છે. .

# EC-7TH PHASE CANDIDATES

લોકસભા ચૂંટણીના સાતમાં તબક્કાના મતદાનની તૈયારીઓ ચાલી રહી છે. આ તબક્કામાં આઠ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 57 બેઠકો માટે મતદાન થવાનું છે. જેમાં 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

ચૂંટણી પંચે એક નિવેદનમાં કહ્યું છે કે, સાતમા તબક્કા માટે 2 હજાર, 105 ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાંથી 954 જેટલા ઉમેદવારી પત્રો સ્વીકરવામાં આવ્યા છે. પંજાબમાં સૌથી વધુ 598 ઉમેદવારી પત્રો ભરાયા, જ્યારે કે ઉત્તર પ્રદેશમાં 495 ઉમેદવારી પત્રો ભરાયા હતા.

અંતિમ તબક્કામાં ઉત્તરપ્રદેશ અને પંજાબની 13 – 13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3, કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક માટે મતદાન થશે. જ્યારે પરિણામ 4 જૂનના રોજ જાહેર થશે.

# INDIA CYBER CRIME

ભારતીય સાઇબર અપરાધ સમન્વય કેન્દ્ર **(I4C)**એ કહ્યું છે કેભારતને નિશાન બનાવીને થનારા સાઇબર અપરાધોમાં નોંધપાત્ર વધારો થયો છે. આ હુમલાઓ માટે ભાગે દક્ષિણ એશિયાઈ દેશોમાંથી થઈ રહ્યા છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા **I4C**ના સીઈઓ રાજેશ કુમારે કહ્યું કે, આ સાઇબર અપરાધોની ઘટનાઓ કંબોડિયા, મ્યાનમાર, લાઓસ જેવા દેશોમાં સામે આવી રહી છે. તેમણે કહ્યું કે રોકાણ, ટ્રેડિંગ, ડિજીટલ ધરપકડ, ડેટિંગ સહિતના વિવિધ કૌભાંડો સંબંધીત સાઇબર ફરિયાદોમાં મોટો ઉછાળો આવ્યો છે.

શ્રી કુમારે કહ્યું કે દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોમાં થનારા સાઇબર અપરાધોને પાર પાડવા ગૃહ મંત્રાલયના વિશેષ સચિવની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરાઈ છે. સરકારે છેલ્લા ચાર મહિનામાં 3.25 લાખ મ્યૂલ ખાતા ફ્રીઝ કર્યા છે, જ્યારે કે 595 એપ બ્લૉક કરી છે, ઉપરાંત 5.3 લાખ સિમકાર્ડ રદ્દ કર્યા છે.

# CDS _CYBER CRIME

ભારતીય સેનાની ત્રણેય પાંખના વડા – સીડીએસ જનરલ અનિલ ચૌહાણે દેશની સાઇબર સુરક્ષાને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. જનરલ ચૌહાણે નવીદિલ્હીમાં સાઇબર સુરક્ષા અભ્યાસ-2024 કાર્યક્રમમાં જણાવ્યું હતું. તેમણે સાઇબર ક્ષેત્રે તમામ હિતધારકો વચ્ચે એકીકરણ પર ભાર મૂકતા, નવા ઉભરી રહેલા સાઇબર જોખમોને પાર પાડવા, સહયોગી વાતાવરણને પ્રોત્સાહન આપવાની પહેલની સરાહના કરી.

સંરક્ષણ મંત્રાલય દ્વારા 20 મે થી 24 મે દરમિયાન વ્યાપક સાઇબર સુરક્ષા અભ્યાસનું આયોજન કરાયું છે. જેનો હેતુ તમામ સાઇબર સંગઠનોની સાઇબર સુરક્ષા ક્ષમતાને વિકસીત કરવા તેમજ તમામ હિત ધારકો વચ્ચે તાલમેલને પ્રોત્સાહન આપવાનો છે.

# IMD WEATHER

ઉત્તર અને મધ્ય ભારતમાં આગામી કેટલાક દિવસ સુધી અતિશય ગરમીના મોજાંની સ્થિતિ યથાવત્ રહેવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગે ઉત્તરના રાજ્યો રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં આગામી ત્રણથી ચાર દિવસ માટે સતત રેડ એલર્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં પણ મહત્તમ તાપમાન 46 ડિગ્રીને પાર પહોંચ્યું છે.

આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન વિદર્ભ અને મહારાષ્ટ્રમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે. જ્યારે આસામમાં આવતીકાલ સુધી ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની સંભાવના છે.તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં આજે ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે કહ્યું કે, દક્ષિણપશ્ચિમ ચોમાસું દક્ષિણ અરબી સમુદ્રના કેટલાક ભાગો, માલદીવના કેટલાક ભાગો,કોમોરિન વિસ્તાર, બંગાળની દક્ષિણ ખાડી, આંદામાન અને નિકોબાર ટાપુઓના કેટલાક વધુ ભાગો અનેઆંદામાન સમુદ્રમાં આગળ વધ્યું છે.

તો આ તરફ ગઈકાલે દિલ્હીમાં ગરમીના મોજાની સ્થિતિ જોવા ન મળતાં લોકોને રાહત મળી હતી. જોકે, હવામાન વિભાગે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. અહીં લઘુત્તમ અને મહત્તમ તાપમાન અનુક્રમે 32 અને 44 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતા છે.

# NEPAL SUMMIT

પર્વતીય વિસ્તારોમાં આબોહવા પરિવર્તનની નકારાત્મક અસરો વિશે આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન આકર્ષિત કરવા હેતુથી, નેપાળના કાઠમંડુમાં આતંરરાષ્ટ્રીય સંવાદ કાર્યક્રમ યોજાયો છે. 'પર્વતો, લોકો અને જળવાયુ પરિવર્તન' વિષય પર આજે પૂર્ણ થશે. જેમાં 25 દેશોના નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે. નાના પર્વતીય અને દ્વીપ દેશો, આંતરરાષ્ટ્રીય સમુદાયના પ્રતિનિધિઓ ઉપરાંત વિવિધ એનજીઓ અને ખાનગી ક્ષેત્રે કામ કરતા પર્યાવરણ કાર્યકરો સહિત 200 લોકોએ ભાગ લીધો છે.

ભારતના વન અને પર્યાવરણ મંત્રાલયના સંયુક્ત સચિવ ડૉ. મહેશ્વર ઢકાલે કહ્યું કે, ....આ કાર્યક્રમનો હેતુ આબોહવા પરિવર્તન સંવાદની ક્ષમતાને વધારવાનો અને આબોહવા અનુકૂલન તેમજ શમન માટે અનિવાર્ય સંસાધનો માટે આંતરરાષ્ટ્રીય સમુદાય પર દબાણ લાવવાનો છે..

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# EC CONGRESS NOTICE

કેન્દ્રીય ચૂંટણીપંચે ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને કારણ દર્શાવો નોટિસ પાઠવી છે. બંને નેતાઓ સામે ચૂંટણી પ્રચાર દરમિયાન આચાર સંહિતાનો ભંગ કરવા બાબતે ફરિયાદ થઈ હતી.

ચૂંટણી પંચે બંને પક્ષોના અધ્યક્ષને એક પત્ર લખ્યો છે, જેમાં કહ્યું છે કે કોઈ પણ પાર્ટી કે ઉમેદવારે આવી કોઈ પણ ગતિવિધિ કે નિવેદનમાં સામેલ ન થવું જોઈએ, આવા નિવેદનોથી મતભેદ અને સાંપ્રદાયિક તણાવ વધી શકે છે. ચૂંટણી પંચે શ્રી નડ્ડાને કહ્યું કે તેઓ પોતાના પક્ષના સ્ટાર પ્રચારકોને સમાજને વિભાજીત કરનારા ભાષણોથી દૂર રહેવા નિર્દેશ કરે.

પંચે કોંગ્રેસના સ્ટાર પ્રચારકોને સુરક્ષા બળોનું રાજકીયકરણ ન કરવા કહ્યું. ચૂંટણી પંચે શ્રી ખડગેને નિર્દેશ કર્યો છે કે, તેઓ સ્ટાર પ્રચારકોને ભારતીય બંધારણ વિશેના વિવાદીત નિવેદનોથી દૂર રહવા જણાવે..

# World Para Athletics Championships

વિશ્વ પેરા એથ્લેટિક્સમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન... 5 સુવર્ણ સહિત 12 ચંદ્રક જીત્યા....વિશ્વ પેરા એથ્લેટિક્સમાં ભારતીય ટીમોનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન યથાવત છે... અત્યાર સુધીમાં 5 સુવર્ણ સહિત કુલ 12 ચંદ્રક ભારતે જીત્યા છે...

ગઈકાલે પુરૂષ એફ 46 શોટપુટમાં સચિન સર્જેરાઓએ 16.30 મીટરનો થ્રો કરી સુવર્ણ ચંદ્રક જીત્યો છે અને પોતાનો 16.21 મીટરનો એશિયન રેકોર્ડ તોડ્યો છે...જ્યારે એફ 51 ક્લબ થ્રોમાં 35 વર્ષિય ધર્મવીરે 33.61 મીટરનો થ્રો કરી કાંસ્ય ચંદ્રક જીત્યો છે...

ઉલ્લેખનીય છે કે ભારતે ગત વર્ષે સૌથી વધુ 10 ચંદ્રક જીત્યા હતા અને આ વર્ષે અત્યાર સુધી ભારત 12 ચંદ્રક હાંસલ કરનાર ચીન, બ્રાઝીલ બાદ ત્રીજા ક્રમે છે...

# HOCKY WOMEN TEAM

એફઆઈએચ પ્રો લીગ 2023-24માં ભારતીય મહિલા હોકી ટીમે બુધવારે પહેલા મેચમાં આર્જેન્ટીનાએ 5-0થી હાર આપી છે. શરૂઆતના ક્વાર્ટરમાં ભારતીય ટીમે સારું પ્રદર્શન કર્યું, જોકે બાદમાં આર્જેન્ટિનાએ વળતો પ્રહાર કરતા મેચ જીતી લીધી હતી. ભારતીય મહિલા હોકી ટીમની આગામી મેચ આવતીકાલે બેલ્જિયમમાં રમાશે.

# IPL

**IPL** ક્રિકેટની એલિમિનેટર મેચમાં રાજસ્થાન રોયલ્સે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 4 વિકેટે હરાવ્યું. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગઈકાલે રાત્રે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 172 રન બનાવ્યા હતા. 173ના લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 19 ઓવરમાં 6 વિકેટે 174 રન બનાવ્યા હતા.

આ દરમ્યાન રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનું પસંદ કર્યું હતું. હવે ક્વોલિફાયર ટુ માટે રાજસ્થાન રોયલ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે શુક્રવારે મેચ રમાશે..

# BUDDHA PURNIMA

ભગવાન બુદ્ધની જન્મ જયંતિ નિમિત્તે આજે દેશના વિવિધ ભાગોમાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરાઈ રહી છે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિએ બુદ્ધ પૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે, ભગવાન ગૌતમ બુદ્ધે માનવતા અને તમામ જીવો માટે સત્ય, અહિંસા, સૌહાર્દ અને પ્રેમનો સંદેશ આપ્યો.

ઉપપ્રમુખ જગદીપ ધનખડે જણાવ્યું હતું કે, ભગવાન ગૌતમ બુદ્ધના ઉપદેશો નૈતિક આચરણ, માનસિક અનુશાસન અને જ્ઞાનની શોધ માટે પરિવર્તનકારી રોડમેપ પ્રદાન કરે છે. શ્રી ધનખડે કહ્યું કે, ભગવાન બુદ્ધના ચાર ઉમદા સત્યો અને આઠ ગણા માર્ગના સિદ્ધાંતો લોકોને કરુણા અને અહિંસા તરફ માર્ગદર્શન આપે છે..